# સરખેજ રૂટની બસમાં વધુ બે મુસાફરો ગઠીયાઓનો શિકાર બન્યા

## ગુનેગારોની કર્મભૂમિ તેવા ડેપોમાં ચોકી બનાવવા એસ.ટી. નિગમ જગ્યા પણ ફાળવતું નથી!

ગાંધીનગર, તા.૧૮

મુસાફરોના સ્વાંગમાં એસ.ટી. બસમાં બેસી જતાં પીક પોકેટર્સ તથા ચેઈન સ્નેચરોનો આતંક દિન પ્રતિદીન વધતો જાય છે ત્યો આજે ગાંધીનગર સરખેજ રૂટની બસમાં વધુ બે કિસ્સા બનવા પામ્યા છે. બે મુસાફરોની નજર ચુકવીને પાકીટ તથા સોનાનો દોરો સરકાવી લેવામાં આવ્યો હતો. જો કે આ અંગે હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ડેપોમાં પણ ચિલઝડપ અને ખિસ્સા કાતરવાના કિસ્સાઓ વધી જતાં પોલીસે ચોકી ઉભી કરવા તૈયારી દર્શાવી હતી તે વાતને પણ ત્રણ માસથી વધુ સમય વિતી ગયો હોવા છતાં નિગમ દ્વારા હજુ સુધી ચોકી માટે જગ્યા ફાળવવામાં આવી નથી. ચિલઝડપના કિસ્સાઓ ઉપરાંત ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ધમાલ તથા મારામારી અને છેડતીની ઘટનાઓ પણ બનતી રહેતી હોવાતી પોલીસ ચોકીની જરૂરીયાતને નકારી શકાય તેમ નથી.

ગાંધીનગર-સરખેજ રૂટની એસ. ટી. બસમાં મુસાફરી કરી રહેલા વધુ બે મુસાફરો આજે ગઠીયાઓનો શિકાર બન્યા છે. એકના ખિસ્સામાંથી રૂપિયા ભરેલું પાકીટ અને બીજાના ગળામાંથી સોનાનો દોરો સરકાવી ગઠીયાઓ રફુચક્કર થઈ ગયા હતાં. જો કે આ સબંધે પોલીસ ફરિયાદ નોંધાવાનું ટાળ્યું હતું. નોંધવું રહેશે કે ગાંધીનગર એસ.ટી. ડેપો અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયું છે. જયાં દર આંતરે દિવસે એક હંગામો થયો હોય છે. તે ઉપરાંત ડેપોમાં છારા ગેંગ અને મહિલા ગેંગ પણ સક્રીય થઈ હોવાથી દર બે ચાર દિવસે તેમનો ભોગ માસુમ મુસાફરો પોતાની કિંમતી ચીજવસ્તુઓ ખોઈને બને છે. જેથી અહીં પોલીસ ચોકીની ખૂબ જ આવશ્યકતા હોવાથી પોલીસે પણ ચોકી બનાવવા જગ્યાની માંગણી એસ.ટી. નિગમ પાસેથી કરી હતી. જો કે નિગમ દ્વારા હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી. ત્રણ મહિનાથી વધુ સમય ચોકી માટે જગ્યા ફાળવવા માટેની માંગણીને થયો પરંતુ હજુ સુધી જગ્યા ફાળવવામાં ન આવતા ડેપોમાં ગુનેગારો પણ બેફામ બન્યા છે. હવે જોવું રહ્યું કે ડેપોમાં ચોકી માટે નિગમ દ્વારા કયારે જગ્યા ફાળવવામાં આવે છે!!

# સેક્ટર-૨માં ઘર આંગણે પાર્ક કરેલી કારની ઉઠાંતરી

## કારમાલિક પરિવાર સાથે રજાઓમાં બહારગામ ગયા હતા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨-બીમાં રહેતા મકાનમાલિક દિવાળીની રજાઓમાં બહારગામ ગયા હતા તે દરમ્યાન ઘર આંગણે પાર્ક કરેલી તેમની કારને નિશાન બનાવીને કોઈ વાહનચોર કારની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ચાર દિવસ બાદ તેઓ ઘરે પરત ફર્યા તો ઘર આંગણે પાર્કિંગમાં મુકેલી કાર ગાયબ હતી. કાર માલિકની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-બી પ્લોટ નં. ૧૫૮/૨માં રહેતા બીપીનભાઈ બાબુભાઈ મહેતા ૧૪મી નવેમ્બર બેસતા વર્ષના દિવસે સવારે પરિવારજનોને લઈને રજાઓ માણવા બહારગામ ગયા હતા. આજે સવારે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે જોયું તો ઘર આંગણે પાર્ક કરેલી તેમની હોન્ડા ઝેઝ કાર નં. જીજે-૧૮-એ.એચ.-૧૦૯૯ ગાયબ હતી. કોઈ શખ્સ ઘર આંગણેથી આ ચાર દિવસ દરમ્યાનમાં કોઈ પણ સમયે કારની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. કાર માલિક બીપીનભાઈને જાણ થતાં તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક સાંધીને સે. ૭ પોલીસમથકમાં કાર ચોરીની ફરીયાદ નોંધાવી હતી. પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ ગુનો દાખલ કરીને કારચોરને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

# ગાંધીનગરમાં નિવૃત્ત સ્પોર્ટસ અધ્યાપક દ્વારા ફૂટબોલ કોચીંગ સેન્ટર શરુ કરાશે

## ફૂટબોલ રમતના રસીકોને જોડાવા નિમંત્રણ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની સરકારી આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજના નિવૃત્ત સ્પોર્ટસ અધ્યાપક વીરેન્દ્રસિંહ ડાભીએ તાજેતરમાં શાળા, કોલેજના ફૂટબોલ પ્રેમીઓ માટે એક કલબ કોચીંગ સેન્ટર શરુ કરવાની મહેચ્છા અને ઉત્તમ કક્ષાના ખેલાડીઓ તૈયાર કરવાની આશા વ્યકત કરી છે.

શાળા, કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ અન્ય ફૂટબોલ જેવી રમતોમાં રસ હોય અને કોચીંગ ઈચ્છતા હોય તેવા ખેલાડીઓને સભ્ય બનાવવામાં આવશે. સારા તેમજ ખંતીલા અને રમતના જાણકાર કોચથી કોચીંગ સેન્ટર શરુ કરવામાં આવશે. જેમાં ફૂટબોલ કોચીંગ, થિયરીકલ, ફીટનેસ તેમજ વિવિધ રીતે ફિલ્મ ફૂટબોલ રમતના પ્રદર્શન દ્વારા કોચીંગ આપવામાં આવશે. ફૂટબોલની રમતમાં રસ ધરાવતા ભાઈઓ-બહેનોએ નિવૃત્ત અધ્યાપક વિરેન્દ્રસિંહ ડાભીનો મો.નં. ૯૮૨૫૯૧૮૯૯૯ ઉપર સંપર્ક કરવા ખાસ જણાવ્યું છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

### ડીસામાં બેસતા વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારોહ યોજાયો

રોટરી કલબ ઓફ ડીસા દ્વારા છેલ્લા ૩૪ વર્ષથી નવા વર્ષના પ્રથમ દિવસે સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવે છે. ગુરૂવારે યોજાયેલાં સ્નેહ મિલન સમારોહમાં નગરજનોએ એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. સ્નેહ મિલન સમારોહમાં એકબીજાના દોષ, ભેદભાવ ભુલી જઈ સૌ એકમેકને તાંતણે બંધાઈ એકબીજાની પ્રગતિ અને સુખ સમૃદ્ધિ માટે આશિર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે મુસ્લિમ બિરાદરોએ ઉપસ્થિત રહી નવા વર્ષની શુભકામનાઓ પાઠવતાં કોમી એકલાસના દશ્યો જોવા મળ્યા હતા. આ પ્રસંગે રોટરી કલબ પ્રમુખ ઓ.પી. વારડે, રાજ્યમંત્રી લીલાધર વાઘેલા, પૂર્વ મંત્રી દોલતભાઈ પરમાર, પાલિકા પ્રમુખ વિપુલભાઈ શાહ, ડૉ. કે.પી. આસ્નાની, શહેર ભાજપ પ્રમુખ શશીકાંતભાઈ પંડ્યા, મગનલાલ માળી, પ્રકાશચંદ્ર ભરતીયા, ચંદુભાઈ મોદી સહિત મોટી સંખ્યામાં ડીસા શહેરના પત્રકાર ભાઈઓએ પણ નવા વર્ષની એકબીજાને ગળે મળી શુભકામનાઓ પાઠવી હતી.

# નાયબ ચૂંટણી કમિશનર ગુજરાતની બે દિવસની મુલાકાતે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણીઓ અંગની કામગીરીની સમીક્ષા કરવા માટે નાયબ ચુંટણી કમિશનરશ્રી વિનોદ ઝુત્સી આજ રોજ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવ્યા છે. તેમના દ્વિદિવસીય પ્રવાસનાં પ્રથમ ચરણમાં તેમણે કચ્છ, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા અને મહેસાણા એમ પાંચ જિલ્લાનાં જિલ્લા ચુંટણી અધિકારીશ્રીઓ અને રીટર્નીંગ ઓફિસર્સ સાથે ચુંટણી સંબંધી સમગ્રતયા તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી હતી.

શ્રી વિનોદ ઝુત્સીએ કહ્યું કે લોકશાહીનાં હાર્દસમી ચુંટણીઓ મુકત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ભારતનું ચુંટણી પંચ કૃતનિશ્ચયી છે. તેમણે કહ્યું કે, ચુંટણીઓમાં મતદારો કોઈ પણ જાતની શેહ-શરમ, લોભ-લાચ વગર નિર્ભયતાપૂર્વક તેમનાં પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરે તે માટે ભારતનાં ચુંટણી પંચે પર્યાપ્ત વ્યવસ્થા કરી છે. ચુંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ અધિકારી-કર્મચારીઓ તેમની ચુંટણી કામગીરીની ફરજમાં સતર્ક રહે અને તેમની ફરજો દરમિયાન કોઈ પણ પ્રકારની ચૂક ન થાય તે માટે સજાગ રહે તે જરુરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

નાયબ મુખ્ય ચુંટણી કમિશનરશ્રીએ શરૂઆતમાં સંબંધિત જિલ્લાનાં રીટર્નીંગ ઓફિસર્સ સાથે ચુંટણી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ત્યારબાદ તેણે જિલ્લા ચુંટણી અધિકારીશ્રીઓ અને પોલીસ અધિકારીઓ સાથે ચુંટણી દરમિયાન સુરક્ષા વ્યવસ્થાનાં આયોજન તેમજ ચુંટણીની અન્ય તમામ કામગીરી અંગે ઝીણવટપૂર્વકની સમીક્ષા કરી હતી.

### જ્ઞાનપંચમીની ધામધૂમથી ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

વેપારીઓએ લાભપાંચમના મુહૂર્તમાં આજે વેપારધંધાની શરૂઆત કરી હતી તો લેખન-વાંચનના ક્ષેત્ર સાથે જોડાયેલાઓએ જ્ઞાનપંચમીની ઉજવણી કરી હતી. ખાસ કરીને જૈન સમાજમાં જ્ઞાનપંચમીની ઉજવણી ખૂબ ઉલ્લાસભેર કરવામાં આવી હતી. ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકોનું પૂજન કરી તેની ઉજવણી કરવામાં આવી હતી.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની ભડીયાદના સ્વ. લાલુબાપુને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૮

હિન્દુ અને મુસ્લિમ બંને કોમ માટે શ્રદ્ધાનું કેન્દ્ર બનેલા ભડીયાદ પીરની દરગાહના લાલુબાપુનો તાજેતરમાં સ્વર્ગવાસ થતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જૂનભાઈ મોઢવાડીયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શકિતસિંહ ગોહિલ અને ચૂંટણી પ્રચાર અભિયાન સમિતિના અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાએ ઊંડા શોકની લાગણી વ્યકત કરી છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ભડીયાદ ખાતેની પીરની દરગાહ હંમેશા લાખો નાગરિકો માટે શ્રદ્ધાનું કેન્દ્ર બની રહ્યું છે.

### શિક્ષક હસમુખભાઈ પટેલના બાર એકાંકીઓ પુસ્તક સ્વરૂપે પ્રગટ

ગાંધીનગર, તા. ૧૮

સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પૂનર્વાસ કેન્દ્રમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ પટેલે તાજેતરમાં ભાવકો અને નાટ્યરસિકોના સૂચનથી 'બાર એકાંકી અને ત્રણ ભવાઈવેશ' પુસ્તકને પ્રસિદ્ધ કર્યું છે જેને શાળાના શિક્ષકો, નાટ્યપ્રેમીજનોએ આવકાર્યું છે.

સાબરકાંઠાના ઉમેદગઢના વતની હસમુખભાઈમાં સર્જનાત્મકતા ખોબે-ખોબે ભરી છે. શાળામાં અવારનવાર કાર્યક્રમોમાં નાટકો ભજવતાં અને દર્શકો દ્વારા નાટકોને વખાણાતા તેમણે સૌના સૂચનથી 'બાર એકાંકી અને ત્રણ ભવાઈવેશ' પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રગટ કર્યુ છે. તેમણે સાંપ્રત સમયની વિચારધારાઓ જેવી કે, વ્યસન મુક્તિ, પુસ્તકાલયના સંગે, બેટી બચાવો, ટ્રાફિક નિયમન, ભણતર હળવું ફૂલ, રડતીમાં સંસ્કૃતિ, અપંગોનો જંગ, ભૂતોની ભ્રમણા, પર્યાવરણ જાગૃતિ વગેરે પર સુંદર નાટકોની રચના કરી છે. અહીં નોંધવા જેવી બાબત એ છે કે, આ નાટકો શાળાઓમાં બાળકો સમક્ષ ભજવવામાં આવે તો બાળકોને નાટકો, ભવાઈવેશ વિશે રસ પેદા થશે!

# આજથી કચેરીઓ વેપાર-ધંધા રાબેતા મુજબ કાર્યરત બનશે

## દિવાળીના એક અઠવાડીયા જેટલા લાંબા વેકેશન બાદ કચેરીઓમાં ચહલ-પહલ જોવા મળશે : વેપાર-ધંધા શરૂ થતા વસાહતીઓને રાહત

ગાંધીનગર, તા.૧૮

દિવાળીના તહેવારોનો ઉત્સાહ આવતીકાલથી ઓસરવા માંડશે. છેલ્લા એક અઠવાડિયાથી લાંબુ વેકેશન ભોગવી રહેલા વેપારીઓ લાભ પાંચમનું મુહુર્ત કરી વેપારધંધા શરુ કરશે. જયારે કચેરીઓમાં પણ કર્મચારીઓની હાજરીના કારણે જનજીવન રાબેતા મુજબ થશે.

આ વર્ષે દિવાળીની રજાઓનો મેળ ખુબ સારો પડયો હતો. સોમવારની રજા સરકારે જાહેર કરી દેતા મોટાભાગના સરકારી કર્મચારીઓ ત્રણ સીએલ મુકી નવ દિવસનું લાંબુ વેકેશન ભોગવી રહ્યા છે. આવતીકાલે સોમવારથી મોટાભાગના કર્મચારીઓ પોતાની ફરજ પર હાજર થશે. કચેરીઓ અને તેની આસપાસનું સુમસામ વાતાવરણ ફરીથી ધમધમવા માંડશે. આવતીકાલે સવારે જ નવા-જુના સચિવાલયની તમામ કચેરીઓ, કલેકટર કચેરી, મામલતદારની કચેરીઓ, કોર્ટ તથા જિલ્લા કક્ષાની તમામ કચેરીઓ રાબેતા મજુબ ચાલુ રહેશે. આજે લાભપાંચમ હોવાથી ઘણા વેપારીઓએ સવારે જ મુર્હુત કરી વેપાર-ધંધાનો પ્રારંભ કરી દીધો હતો. જે વેપાર-ધંધા રવિવારે બંધ હોય છે તેના વેપારીઓ હવે સાતમના મુહુર્તે એટલે કે મંગળવારે મુર્હુત કરી દુકાનો શરુ કરશે. વેપાર-ધંધા શરુ થતાં વસાહતીઓને ઘણી રાહત રહેશે.

ચુંટણી નજીક હોઈ હવે આવતીકાલથી જ રાજકીય ગરમાવો પણ શરુ થશે. ઉમેદવારો તેમનું પ્રચાર અભિયાન તેજ બનાવશે.






ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ખાતે આવેલી ચૈતન્ય સ્કૂલમાં તાજેતરમાં ડિસ્કવરી ગુજરાતની થીમ ઉપર ચૈતન્યોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા અંતર્ગત વિશિષ્ટ કાર્યક્રમો રજૂ કર્યા હતા.

ગુજરાતના લોકપ્રિય ભવાઈ વેશના રંગલા રંગલીના પાત્ર દ્વારા ગુજરાતના ઈતિહાસથી લઈ આધુનિક જીવન સુધીની મહિમાનું અત્યંત સુંદર અને આકર્ષક ગાન કરવામાં આવ્યું હતું. પ્રાચીન તથા અર્વાચીન ગરબા-ટિપ્પણી, ડાંગી નૃત્ય, હુડો, ડાંડી માર્ચ, વેસ્ટર્ન ડાન્સ, નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન' 'જલકમળ' ગીત પર સુંદર નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતા. ભવાઈ નાટક, અષ્ટલક્ષ્મી સ્તોત્રના નૃત્યથી સૌ અભિભૂત બન્યા હતા.

ચૈતન્ય સ્કૂલમાં યોજાયેલા ચૈતન્યોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે આઈ.એ.એસ. ભાગ્યેશભાઈ જહા, ચૈતન્ય સ્કૂલના ટ્રસ્ટીઓ, સલાહકારો તેમજ કમિશનર જયન્તી રવિ સાહિત્યકાર દોલત ભટ્ટ અને ગાંધીનગરના અગ્રગણ્ય નાગરિકો હાજર રહ્યા હતા. શાળાના ડાયરેકટર ઈલિઝાબેથ કોશી, ડેપ્યુટી ડાયરેકટર નલીની સુબ્બારાવ, ટ્રસ્ટના ખજાનચી રવિ ગોપાલન આચાર્ય પ્રિતા પિલ્લઈએ ખાસ હાજરી આપી શાળાના બાળકોને અને શિક્ષકોએ કાર્યક્રમની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા.

### જલારામ બાપાની ૨૧૩મી જન્મ જયંતિ ૨૦મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના શ્રી જલારામ સેવા સમાજ દ્વારા પ.પૂ. શ્રી જલારામ બાપાની ૨૧૩મી જન્મ જયંતિ તા. ૨૦મી નવેમ્બર-૨૦૧૨ને મંગળવારે સવારે ૬.૩૦ કલાકે પ્રાતઃ આરતીથી માંડીને સાંય ૬.૩૦ કલાકે મહાઆરતી દરમિયાન યોજાશે.

જલારામ બાપાની ૨૧૩મી જન્મ જયંતિ નિમિત્તે સવારે ૮ કલાકે જલારામધામ, સેક્ટર-૨૯થી શ્રી ભોજલરામ મંદિર, સેક્ટર-૭, પહોંચશે અને ત્યાંથી જલારામધામ પરત થશે. સવારે ૮.૩૦ કલાકે હર્ષદભાઈ જોબનપુત્રાના વરદહસ્તે પૂ. બાપાની પૂજનવિધિ થશે. સાંજે ૪ થી ૯ કલાક સુધી અન્નકૂટ દર્શન અને સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતી અને મહાપ્રસાદ યોજાશે. એમ સંસ્થાના પ્રમુખ અમ્રતભાઈ ડી. ઠક્કરે ખાસ જણાવ્યું છે.

### સરકારી કર્મચારીઓ માટેની હિન્દીભાષાની ઉચ્ચશ્રેણીની પરીક્ષા ગાંધીનગરમાં યાજાશે

ગાંધીનગર, તા. ૧૮

ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા સરકારી કર્મચારી, અધિકારીઓ માટેની હિન્દી ભાષાની ઉચ્ચશ્રેણી પરીક્ષા તા. ૨૨મી નવેમ્બર અને ૨૩મી નવેમ્બરના રોજ મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે સવારના ૧૧ કલાકથી શરૂ થશે. જે ઉમેદવારોના આવેદનપત્રો આ કચેરીએ સ્વીકાર્યા છે તેવા તમામ ઉમેદવારે નિયત તારીખે અને સ્થળે પરીક્ષા માટે ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

# નવનિર્માણ સેના દ્વારા કપડાં વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

નવનિર્માણ સેના દ્વારા દર વખતની જેમ આ દિવાળીએ સેવાકીય પ્રવૃત્તિ કાર્યક્રમ યોજાઈ ગયો. આ વખતે ઠંડીનું પ્રમાણ વધારે હોવાથી ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને કપડાં વિતરણ કરવામાં આવ્યું હતું.

નગરના સેવાભાવી સજ્જનો દ્વારા નવનિર્માણ સેના પરિવારને જૂના કપડાંઓની મદદ કરવામાં આવી હતી, જરુરીયાતમંદ લોકો માટે એકઠા કરેલા કપડાંઓને નવ નિર્માણ સેનાના સ્નેહીઓએ લોક સેવાર્થે દીનબંધુઓને કપડાં વિતરણ કર્યા હતા. નાના એવા ભૂલકાઓને આ સાથે ચોકલેટ, બિસ્કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. સેવાકીય પ્રવૃત્તિ સાથે નવનિર્માણ સેનાના કાર્યકરોએ દિવાળીના તહેવારને ઉજવ્યો હતો એમ પ્રમુખ જનક ઠક્કરે જણાવ્યું હતું.

# હિંમતનગર પંથકના ૫૦ જેટલા મુસ્લીમ યુવાનોએ ભાજપનો ખેસ ધારણ કર્યો

## મુસ્લીમો ભાજપમાં જોડાયા : કોંગ્રેસ છાવણીમાં સોપો

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે યોજાયેલા ભાજપના નૂતન સ્નેહમિલન સમારંભમાં હિંમતનગરના ૫૦ જેટલા મુસ્લીમ યુવાનોએ ભાજપમાં જોડાઈને ખેસ ધારણ કરતાં કોંગ્રેસ છાવણીમાં સોંપો પડી ગયો છે.

હિંમતનગરના ઉત્સવ પાર્ટી પ્લોટ ખાતે રવિવારે ભાજપ દ્વારા ગૃહરાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલના સાનિધ્યમાં નૂતનવર્ષ સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ મકબુલભાઈ પોથીગરાની રાહબરી હેઠળ હિંમતનગર શહેરના ૫૦ જેટલા મુસ્લીમ યુવાનો ભાજપમાં જોડાતાં કોંગ્રેસમાં હડકમ મચી ગયો છે.

હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર ૪૨ હજાર જેટલા




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

મુસ્લીમ મતદારો છે. કોંગ્રેસમાં ઉમેદવારની પસંદગી બાબતે ધમસાણ ચાલી રહ્યું છે. કોંગ્રેસમાંથી એક ડઝન જેટલા ઉમેદવારોએ દાવેદારી કરી છે. છતાં કોંગ્રેસના મોવડીઓએ ભાજપના પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડાના પુત્ર રાજેન્દ્રસિંહ ચાવડાને મેદાને ઉતારવાનો તખ્તો ઘડતાં એ.આઈ.સી.સી. ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ તેનો ખુલ્લેઆમ વિરોધ કર્યો છે. છતાં કોંગ્રેસના પ્રદેશ અગ્રણીએ રાજેન્દ્રસિંહ ચાવડાને જ જંગમાં ઉતારવા મક્કમ છે. ત્યારે બીજી બાજુ લઘુમતી સમાજ ભાજપ તરફ વળી રહ્યો છે ત્યારે કોંગ્રેસ દિવસે-દિવસે દયનીય સ્થિતિમાં મુકાઈ રહી છે.

નૂતન સ્નેહમિલન સમારોહમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં ગૃહરાજ્ય મંત્રી પ્રફુલભાઈ પટેલે જણાવ્યું હતું કે કોંગ્રેસ મહિલાઓને ઘરનું ઘર આપવાની પોકળ વાતો કરી ગુમરાહ કરી રહી છે. ત્યારે મહિલાઓએ સજાગ બનવું પડશે. વધુમાં ગૃહમંત્રીએ કાર્યકરોને નવા વર્ષની શુભ કામનાઓ પાઠવી હતી અને દિપાવલી પર્વ બાદ આવી રહેલ લોકશાહીના પર્વ ચૂંટણીઓમાં મતભેદો ભુલી ભાજપને વિજય અપાવવા કાર્યકરોને હાંકલ કરી હતી.